# તા.૨૧.૦૫.૨૦૧૬ ના રોજ ભેસાણ તાલુકા ના પીજીવીસીએલ ને લગતી રજૂઆત સંદર્ભે વિગતવાત અહેવાલ નીચે મુજબ છે.

| ક્રમ | અરજદાર નું નામ | રજૂઆતની વિગત | સંબંધીત કચેરી / વિભાગ | નિકાલ ની કક્ષા | અધ્યતન અહેવાલ |
|---|---|---|---|---|---|
| ૧ | કનુભાઈ નથૂભાઈ આસોદરીયા મો.નં. ૮૧૪૧૩૦૨૪૮૯ | ૬૬ કે વી ચુડા સબ સ્ટેશન માંથી નીકળતા ડોશી ધાર ફીડરમાં સીઝન દરમ્યાન ફોલ્ટ અને લો વોલ્ટેજ મળતા હોવા અંગે | ભેસાણ / પીજીવીસીએલ | નિકાલ | રજૂઆત કર્તા શ્રી કનુભાઈ નથુભાઇ આસોદરિયા ; ગામ :- મોરવાડા ની સીજન દરમિયાન ફોલ્ટ અને લો વોલ્ટેજ ને લગતી રજૂઆત તા ૦૮.૦૯.૨૦૧૫ ની છે . જે તે સમયે એટલેકે માહે સપ્ટેમ્બર-૧૫ દરમિયાન મોરવાડા ગામ કે જે ગામના ખેતીવાડી વીજ જોડાણો ૧૧ કેવી દોશીધાર ફીડર સાથે જોડાયેલા છે તે ફીડર નો એંપિયર લોડ ૨૧૬ જેટલો આવતો હતો એટલે ફોલ્ટ અને લો વોલ્ટેજ ની ફરિયાદ નિવારવા સબબ આ ફીડર સાથે જોડાયેલા અંદાજીત ૧૨૫ જેટલા વીજ જોડાણો બાજુમાં આવેલ ૧૧ કેવી સરદારપૂર ફીડરમાં તા ૦૬.૧૦.૨૦૧૫ ના રોજ જ કનેકસનો બાજુ માથી પસાર થતાં ખેતીવાડી ફીડર માં તા.૦૬.૧૦.૨૦૧૫ ના રોજ ડાઇવર્ટ કરવામાં આવેલ હતા. આથી અગાઉ દોશીધાર ફીડરમાં જે લોડ ૨૧૬ એમ્પી આવતો હતો તે ૧૭૦ એમ્પી આવેલ હતો અને હાલ સદર ફીડર માં એટલેકે માહે મે-૨૦૧૬ માં ૭૨ એંપિયર આવે છે તેમજ આ બાબત ની સમજૂતી રજૂઆતકર્તા ને તારીખ ૧૨.૦૫.૨૦૧૬ ના રોજ વિભાગીય કચેરી ના કાર્યપાલક ઇજનેર તથા પેટા વિભાગ કચેરી ના નાયબ ઇજનેર ની રૂબરૂ મુલાકાત દરમિયાન આપવામાં આવેલ છે<br>વિશેષ માં જણાવવાનું કે સદર પ્રશ્નના કાયમી ઉકેલ માટે મોરવાડા ગામે નવું ૬૬ કેવી સબ-સ્ટેશન મંજૂર થયેલ છે જે કાર્યરત થતાં સદર પ્રશ્ન નો કાયમી નિકાલ થઈ જશે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | મગનભાઇ મોહનભાઇ સાવલીયા મો.નં. ૯૪૨૮૨૪૦૩૫૦ | ભેસાણ-વિસાવદર-બિલખા-જુનાગઢ તાલુકા ના પેટા વિભાગીય કચેરી નું વિભાજન કરવા બાબત | ભેસાણ / પીજીવીસીએલ | નીતિ-વિષયક | ભેસાણ પેટા વિભાગીય કચેરી માં હાલ ભેસાણ તાલુકા નો વિસ્તાર ૪૩૮.૬ ચો.કીમી છે, કુલ ગ્રાહકો ૨૩૪૬૨ છે. વાર્ષિક આવક-૨૦.૦૨ કરોડ છે. ટ્રાન્સફોર્મર કુલ-૪૨૮૪ છે. એચટી લાઇન (કીમી) -૧૧૯૨.૨ કીમી છે. એલ ટી લાઇન (કીમી) -૯૩૩.૨ કીમી છે. જે વડી કચેરી, જીયુવીએનએલ, વડોદરા ના તા.૧૧.૦૪.૨૦૧૬ ના પત્ર નં. જીયુવીએનએલ/ એચઆર/ બાયફરકેશન/ પોસ્ટસ/ ૬૨ મુજબના જરૂરી માપદંડો સાથે પુર્તતા થતી ન હોય, હાલ ભેસાણ પેટા વિભાગીય કચેરી નું વિભાજન કરવું તાંત્રિક રીતે શકય નથી. |
| ૩ | વજુભાઈ મોહનભાઈ સાવલીયા મો.નં. ૯૮૭૯૯૬૭૧૭૮ | ભેસાણ પેટા વિભાગીય કચેરી નું વિભાજન કરવા બાબત | ભેસાણ / પીજીવીસીએલ | નીતિ-વિષયક | ભેસાણ પેટા વિભાગીય કચેરી માં હાલ ભેસાણ તાલુકા નો વિસ્તાર ૪૩૮.૬ ચો.કીમી છે,કુલ ગ્રાહકો ૨૩૪૬૨ છે.વાર્ષિક આવિક-૨૦.૦૨ કરોડ છે.ટ્રાન્સફોર્મર કુલ-૪૨૮૪ છે.એચટી લાઇન (કીમી) -૧૧૯૨.૨ કીમી છે. એલ ટી લાઇન (કીમી) -૯૩૩.૨ કીમી છે.જે વડી કચેરી, જીયુવીએનએલ, વડોદરા ના તા.૧૧.૦૪.૨૦૧૬ ના પત્ર નં. જીયુવીએનએલ/ એચઆર/ બાયફરકેશન/ પોસ્ટસ/ ૬૨ મુજબના જરૂરી માપદંડો સાથે પુર્તતા થતી ન હોય,હાલ ભેસાણ પેટા વિભાગીય કચેરી નું વિભાજન કરવું તાંત્રિક રીતે શકય નથી. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | શ્રી ભીખુભાઈ લાલજીભાઈ ગોધણી મો નં. ૯૭૨૪૧૩૧૩૧૧ | ચુડા ગામે ખેતીવાડી વીજ કનેકસન માટે તા ૧૪.૦૪.૨૦૧૨ ના રોજ રૂ ૫૯૩૫/- નું કોટેશન ભરી આપેલ છે પરંતુ પીજીવીસીએલ દ્વારા જણાવેલ છે કે એક સર્વે નંબરમાં બે વીજ કનેક્શન આપવામાં આવતા નથી પરંતુ અમારા બંન્ને કનેક્શન અલગ અલગ ના થઈ છે. એક કનેક્શન મારા મોટાભાઇ ના નામનું થાય છે અને બીજું કનેક્શન મારા નામનું મંજૂર થયેલ છે ઉપરોક્ત તારીખ માં રૂ ૫૯૩૫/- કોટેશન ભરી દીધેલ છે તો આ લોક દરબાર માં મારા પ્રશ્ન ની રજૂઆત ધ્યાને રાખી મારા કનેક્શન ને સત્વરે જોડાણ આપવા વિનંતી છે. | ભેસાણ / પીજીવીસીએલ | નીતિ-વિષયક | ભેસાણ તાલુકા ના ચુડા ગામ ના શ્રી લાલાભાઈ નરશી ભાઈ દ્વારા તેમના સર્વે નંબર ૭૦ પૈકી માં ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે ભેસાણ પેટાવિભાગ કચેરીએ ૩૧.૦૮.૧૯૯૫ ના રોજ અરજી નોંધાવેલ ત્યાર બાદ આ અરજદાર ક્રમ આવ્યે અને અરજદાર શ્રી લાલાભાઈ નરશી ભાઈ અવસાન પામેલ હોઈ તેમના વારસદાર શ્રી ભીખુભાઈ લાલાભાઈ ગોધણી ને ભાવપત્રક રૂ ૫૯૩૫/- તા ૧૨.૦૪.૨૦૧૨ ના રોજ આપવામાં આવેલ જે અરજદાર દ્વારા તા ૧૨.૦૪.૨૦૧૨ ના રોજ ભરપાઈ કરી આપેલ અને તે દરમિયાન જીયૂવીએનએલ ના પત્ર નંબર ૨૦૫૯/૧૬.૦૮.૨૦૧૨ થી એકજ સર્વે નંબર માં બીજું વીજ જોડાણ આપી શકાય નહીં તેવો નિર્ણય થતાં અને અરજદારે માંગેલ વીજ જોડાણ વાળા સર્વે નંબર માં એક અન્ય ખેતીવાડી વીજ જોડાણ શ્રી બાબુભાઇ લાલાભાઈ ગોધણી ના નામનું ગ્રાહક નંબર ૩૯૪૬૨/૦૦૯૬૩/૫; હો.પા ૧૫.૦૦ નું હયાત હોય અરજદાર ને તેમના એજ સર્વે નંબર માં મંજૂર થયેલ બીજા વીજ જોડાણ સબબ ભરપાય કરેલ ભાવપત્રક ની રકમ પરત મેળવાવવા જણાવેલ. ત્યારબાદ અરજદાર દ્વારા તા ૧૭.૧૦.૨૦૧૪ ના રોજ ભરેલ ભાવપત્રક ની રકમ પરત માંગતા વિભાગીય કચેરી જુનાગઢ દ્વારા રૂ ૫૦૮૫/- નો ચેક નંબર ૭૯૯૦૨૫/તા ૦૫.૧૨.૨૦૧૪ જાવક પત્ર નંબર ૬૯૪૩ તા ૦૬.૧૨.૨૦૧૪ થી અરજદાર ને રવાના કરવામાં આવેલ. પરંતુ અરજદાર દ્વારા સદર ચેકવાળું પોસ્ટ કવર સ્વીકારવાની ના પાડતા તા ૦૯.૧૨.૨૦૧૪ ના રોજ પોસ્ટમેન દ્વારા પરત કરેલ છે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | બોઘાભાઈ હરીભાઇ ડોડીયા મો.નં. ૯૬૦૧૫૨૩૨૫૭ | છોડવડી ગ્રામ પંચાયત ના નવા વાઘનીયા ગામે ડેમ ની બાજુમાં બોર આવેલ છે તેમાં હાલ ખેતીવાડી નું વીજ કનેક્શન છે જે ૮ કલાક લાઇટ મળે છે પરંતુ અમારી ગ્રામ પંચાયત ની માંગણી  છે કે આ બોર ઉપર જ્યોતિગ્રામ યોજના માથી વીજ જોડાણ આપવામાં આવે તો ૨૪ કલાક લાઇટ મળી રહે અને અછત સબબ ગામ લોકો ને પીવાના પાણી પૂરતા પ્રમાણ માં મળી રહે. | ભેસાણ / પીજીવીસીએલ | નીતિ-વિષયક | ભેસાણ તાલુકા ના છોડવડી ગામે ગ્રામ પંચાયત વોટર વર્કસ નું ૨૦ હો.પા. નું વીજ જોડાણ ( ગ્રાહક નંબર ૩૯૪૧૧/૦૧૬૨૮/૮ ) તા ૨૨.૦૬.૨૦૧૩થી આપેલ છે. આ વીજ જોડાણ સીમતળ માં ગ્રામપંચાયતને  ફાળવાયેલ  ગૌચર જમીન માં આવેલ છે. આ વીજ જોડાણ ને ૬૬ કેવી છોડવડી સબ સ્ટેશન માથી નીકળતા નવા વાઘણીયા ખેતીવાડી ફીડર માથી પાવર પૂરો પાડવામાં આવે છે. અરજદાર ની માંગણી સીમમતળ માં આવેલ આ વીજ જોડાણ ને જ્યોતિગ્રામ ફીડર માથી પાવર મળે તેવી હોય સદર બાબત નીતિ વિષયક છે |
| ૬ | બાબુભાઇ પાંચાભાઈ હિરાણી ગામ સુખપુર તા:- ભેસાણ મોન ૯૫૭૪૬૬૧૩૩ | વીજ કનેક્શન ધરાવતા ખેડૂત અછત ના લીધે કૂવાનું કનેક્શન હોય અને બોર માં પશુઓ ને પીવાના પાણી પૂરતું વપરાશ કરતાં હોય તો ચોરી નું બિલ આપવું જોઈએ નહીં | | | કુવો તેમજ બોરમાંથી સમયાંતરે પાણી લેવામાં આવે ત્યારે પ્રવર્તમાન નિયમાનુસાર ગ્રાહક એક જ મોટર દ્વારા વીજ વપરાશ કરી શકે છે અને જે સર્વે નંબરમાં ખેતીવિષયક વીજ જોડાણ મંજૂર થયેલ હોય તેમાં આવેલ કુવો અથવા બોર માંથી સમયાંતરે પાણી લેતી વખતે સ્થાનિક પેટા વિભાગીય કચેરીમાં અરજદારે અરજી સાથે પાણીના સ્ત્રોત અંગેના જરૂરી આધારો અને ટેસ્ટ રીપોર્ટ રજૂ કર્યેથી પોઈન્ટ ઓફ સપ્લાય ફેરવ્યા વગર સ્થળ ફેર માટે એક જ મોટર વાપરવા માટે શીફટીંગની મંજૂરી આપવામાં આવે છે |
| ૭ | કથીરિયા રામણીકભાઇ એલ. ;ગામ :-ભેસાણ; તા :- ભેસાણ મોન ૯૯૨૪૦૫૫૪૭૫ પ્રશ્ન નંબર :૭૩ | અમારા ખેતર ખેતીવાડીના વાયર નવા નાખવા અને રિપેરિંગ કરવા અને અત્યારે નીચે આવી ગયેલ વાયર બાબત. ( સર્વે નંબર ૪૨૫/૨- કુંભાર ના ભઠ્ઠા પાસે નું ગ્રુપ ) | ભેસાણ / પીજીવીસીએલ | નિકાલ | સદર રજૂઆત ના આધારે રજૂઆત કર્તા ને સાથે રાખી ને તા ૧૭.૦૫.૨૦૧૬ ના રોજ તેમના ખેતીવાડી ગ્રૂપ માં બે નવા તાણીયા લગાવી , ત્રણ નવા એલ. ટી. ક્રોસ આર્મ લગાવી , ત્રણ ગાળા ના ઢીલા વાયરો ખેચી અને હળવા દબાણની લાઇન બે ગાળા ના વાયરો નવા નાખી જરૂરિયાત મુજબ નું વીજ રેષા ઓ નું સમારકામ કરી આપવામાં આવેલ છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | શ્રી બાર વાસ્તભાઇ સામંતભાઈ ;ગામ :-ખજુરી હડમતીયા ; તા :- ભેસાણ ; જિલ્લો :- જુનાગઢ મોબાઇલ ન :- ૮૭૫૮૨૮૫૬૭૭ પ્રશ્ન નંબર :૭૫ | ખજુરી હડમતીયા મુકામે રહીશ વાસ્તભાઇ સામંતભાઈ બાર ને જીઇબી માથી ૬૦૦૦/- રૂપિયા નો દંડ આવેલ છે . જેમાં વીજ ચોરીનો ઉલ્લેખ છે પરંતુ મારે ગામમાં મકાન કે જમીન આવેલ નથી તથા ઉપરોક્ત દંડ જેટલોજ દંડ ૬૦૦૦/- રૂપિયા નો દંડ મારા ભાઈ શ્રી દેવજીભાઇ બાર ને પણ આવેલ છે જેમાં એમોના મકાન કે જમીન નથી છતાં આ પ્રકારનો દંડ કેમ આવ્યો | ભેસાણ / પીજીવીસીએલ | નિકાલ | સદર પ્રશ્ન બાબતે જણાવવાનું કે ખુજૂરી હડમતીયા ગામે તા ૨૨.૦૫.૨૦૧૩ ના રોજ પીજીવીસીએલ ની ચેકિંગ ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવેલ હતું અને સદર સ્થળે પીજીવીસીએલ દ્વારા કોઈ પણ પ્રકારનું વીજ જોડાણ આવેલ ના હતું તેમ છતાં સદર રહેણાંક ના મકાનમાં પીજીવીસીએલ ની હળવા દબાણ વળી એલ.ટી. લાઇન માથી ડાઇરેક્ટ વીજ જોડાણ લઈ વીજ ચોરી કરતાં માલૂમ પડેલ જેથી ચેકિંગ ટીમ દ્વારા સ્થળ ઉપર નિયમાનુસાર રોજકામ કરી , રોજકામ માં ચતુર દિશા બતાવી સદર મકાન નો ભોગવટો કોણ કરે છે તેની ખરાઈ કરી અને ચેકિંગ શીટ ભરેલ હતી. આ સમયે સદર રહેણાક નો ભોગવટો કરનાર શ્રી દેવજીભાઇ સામંતભાઈ બાર હોય અને જેના અનુસંધાને ભેસાણ પેટાવિભાગ કચેરી દ્વારા નિયમાનુસાર ભારતીય વીજ અધિનિયમન ની કલમ નંબર ૧૩૫ હેઠળ નું વીજ ચોરી નું બિલ આપવામાં આવેલ હતું આ સમયે સદર મકાન નો ભોગવટો કરનાર શ્રી દેવજીભાઇ સામંતભાઈ બાર ને નિયમાનુસાર નું વીજ ચોરી નું બિલ આપવામાં આવેલ હતું જે તેમના દ્વારા હજુ સુધી ભરપાઈ કરવામાં આવેલ નથી.<br>આજ સ્થળે એટલેકે ખજુરી હડમતીયા ગામે તા ૨૫.૦૭.૨૦૧૪ ના રોજ ફરીથી તા ૨૫.૦૭.૨૦૧૪ ના રોજ પીજીવીસીએલ ની ચેકિંગ ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવેલ હતું અને સદર સ્થળે પીજીવીસીએલ દ્વારા કોઈ પણ પ્રકારનું વીજ જોડાણ આવેલ ના હતું તેમ છતાં સદર રહેણાંક ના મકાનમાં પીજીવીસીએલ ની હળવા દબાણ વળી એલ.ટી. લાઇન માથી ડાઇરેક્ટ વીજ જોડાણ લઈ વીજ ચોરી કરતાં માલૂમ પડેલ જેથી ચેકિંગ ટીમ દ્વારા સ્થળ ઉપર નિયમાનુસાર રોજકામ કરી , રોજકામ માં ચતુર દિશા બતાવી સદર મકાન નો ભોગવટો કોણ કરે છે તેની ખરાઈ કરી અને ચેકિંગ શીટ ભરેલ હતી આ સમયે સદર રહેણાક નો ભોગવટો કરનાર શ્રી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | બાર વાસ્તભાઇ સામંતભાઈ રબારી હોય અને જેના અનુસંધાને ભેસાણ પેટાવિભાગ કચેરી દ્વારા નિયમાનુસાર ભારતીય વીજ અધિનિયમન ની કલમ નંબર ૧૩૫ હેઠળ નું વીજ ચોરી નું બિલ આપવામાં આવેલ હતું આ સમયે સદર મકાન નો ભોગવટો કરનાર શ્રી બાર વાસ્તભાઇ સામંતભાઈ રબારી ને નિયમાનુસાર નું વીજ ચોરી નું બિલ આપવામાં આવેલ હતું જે તેમના દ્વારા હજુ સુધી ભરપાઈ કરવામાં આવેલ નથી.<br>તદ ઉપરાંત સદર સ્થળે આ રજૂઆત ને ધ્યાને લઈ ને તા ૧૭.૦૫.૨૦૧૬ ના રોજ નાયબ ઇજનેર શ્રી ભેસાણ પેટાવિભાગ કચેરી દ્વારા સ્થળ મુલાકાત લીધેલ હતી અને સદર સ્થળે રજૂઆત કર્તા બન્ને ભાઈઓ એટલેકે શ્રી બાર વાસ્તભાઇ સામંતભાઈ તથા દેવજીભાઇ સામંતભાઈ બાર રહે છે તેની આજુ બાજુ ના લોકો ને પૂંછતા ખરાઈ પણ કરવામાં આવેલ છે આમ સદર સ્થળે વીજ ચોરી નું નિયમાનુસાર બીલ આપવામાં આવેલ છે. |